# ભારતીય જનતા પાર્ટી, સુરત મહાનગર

“પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના મેઈન રોડ, સુરત–૩૯૪૨૧૦.

પ્રતિ, તા. ૧૧/૦૫/૨૦૧૮

તંત્રીશ્રી,

...............................................,

સુરત.

આપશ્રીના સુપ્રસિધ્ધ દૈનીક પત્ર / ચેનલમાં નીચે મુજબનું અખબારી નિવેદન વિનામૂલ્યે પ્રસિધ્ધ કરશોજી.

લી.



**શૈલેષભાઈ પટેલ**

કાર્યાલય મંત્રી,

ભાજપ–સુરત મહાનગર

- **૧૧ મેના દિવસે પોખરણ પરમાણુ પરીક્ષણના ૨૦ વર્ષ પૂર્ણ થયા.**
- **ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગર દ્વારા ઐતિહાસિક “શૌર્ય દિવસ”ની ઉજવણી.**
- **“અટલ ઈરાદે” કાર્યક્રમમાં પૂર્વ બ્રિગેડીયર શ્રી નીતિનભાઈ મહેતા સાહેબ અને નિવૃત્ત સૈનિકોએ યુવાઓને પ્રેરણાત્મક માર્ગદર્શન આપ્યું.**

ભારતીય જનતા પાર્ટી–સુરત મહાનગરના અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા તથા મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ અને શ્રી કિશોરભાઈ બિંદલ એક અખબારી નિવેદનમાં જણાવે છે કે,

૧૧ મેના દિવસે પોખરણ પરમાણુ પરીક્ષણના ૨૦ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક દિવસની ભારતીય જનતા પાર્ટીએ દેશભરમાં “અટલ ઈરાદે” કાર્યક્રમ થકી શૌર્ય દિવસની ઉજવણી કરી હતી. આ પ્રસંગે “પંડિત દીનદયાળ ભવન”, ભાજપ કાર્યાલય, ઉધના, સુરત ખાતે યોજાયેલા “અટલ ઈરાદે” કાર્યક્રમમાં વિશેષ ઉપસ્થિત રહેલા પૂર્વ બ્રિગેડીયર શ્રી નીતિનભાઈ મહેતા સાહેબ અને નિવૃત સૈનિકોએ યુવાઓને પ્રેરણાત્મક માર્ગદર્શન પૂરૂં પાડયું હતું.

પૂર્વ બ્રિગેડીયર શ્રી નીતિનભાઈ મહેતા સાહેબે અમેરિકા દ્વારા જાપાન પર કરાયેલા પરમાણુ હુમલા પર પ્રકાશ પાડતાં જણાવ્યું હતું કે અમેરિકાએ જે રીતે જાપાન પર એટમ બોમ્બ હુમલો કર્યો હતો તે જોતા આખું વિશ્વ સ્તબ્ધ થઈ ગયું હતું તેમ છતાં જાપાને હિંમત હારી ન હતી. આ પરમાણુ હુમલા બાદ જાપાને પોતાના પરમાણુ મથક બનાવવાનું નક્કી કર્યુ હતું ત્યારબાદ કેટલાક વર્ષો પછી વૈશ્વિક સ્થિતિ જ બદલાઈ ગઈ હતી. વર્ષ ૧૯૪૫ માં થયેલી જાપાન મહામારી બાદ જે રીતે જાપાન ઉભું થયું તે જોતા આજની તારીખે અમેરિકા પણ જાપાનનું નામ લેતા સો વાર વિચારે છે. શ્રી નીતિનભાઈ મહેતા સાહેબે વધુમાં જણાવ્યું હતું કે વર્ષ ૧૯૪૪ માં ડૉ. હોમીભાભાએ ભાભા અટોમીક રીસર્ચ સેન્ટરની સ્થાપના કરી હતી ત્યારે તેઓએ સત્તાઆસીન કોંગ્રેસ પક્ષને કીધું હતું કે ઈન્ડિયા કેમ શાંતિ... શાંતિ... શાંતિ... કરી રહ્યું છે. કોંગ્રેસે ભારતની આસપાસની સ્થિતિ તથા દુનિયામાં જે કંઈ થઈ રહ્યું છે તેની પર પ્રકાશ પાડવાની જરૂર છે. હવે આપણે ન્યૂક્લિયર વેપન તથા એટમ બોમ્બ બનાવવાની શરૂઆત કરવી પડશે. ત્યારબાદ લીલી ઝંડી મળતા ૧૯૪૫ થી ૧૯૪૮ સુધીમાં ડૉ. હોમીભાભાએ આ દિશામાં શરૂઆત કરી દિધી હતી અને ૧૯૫૬ માં પૂર્ણ ડેવલપમેન્ટ કરવાનું શરૂ કર્યુ.

શ્રી નીતિનભાઈ મહેતા સાહેબે યુવાઓને માર્ગદર્શન આપતા જણાવ્યું કે આપ ભાજપના કાર્યકર છો. કોઈ કામ સહેલાઈથી નથી થતું. તમે એમ કહો છો કે એકલાથી શું થાય ? પણ હું કહું છું કે તમે એક જ સો ના બરાબર છો. યુવાનોએ દિલ લગાડીને દરેક કાર્ય કરવું જોઈએ તો જ સફળતા સાંપડશે. આજથી ૨૦ વર્ષ પહેલા પોખરણમાં થયેલા પરમાણુ પરીક્ષણ બાદ જ્યારે દેશના પૂર્વ વડાપ્રધાન આદરણીય શ્રી અટલબિહારી વાજપેઈજીએ પ્રેસ કોન્ફરન્સને સંબોધી હતી ત્યારે તેઓએ કહ્યું હતું કે ભારત અટલ થા, અટલ હૈ ઔર અટલ રહેગા. શ્રી અટલબિહારી વાજપેઈજી દ્વારા પોખરણમાં કરાયેલા પરમાણુ પરીક્ષણ બાદ તે સમયે વિશ્વની મહાસત્તા ગણાતું અમેરિકાએ પણ ભારતની મન મૂકીને પ્રશંસા કરી હતી. આજે વડાપ્રધાન આદરણીય શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની દિર્ધદ્રષ્ટ્રિ, કાર્યક્ષમતા અને વિકાસ નીતિને કારણે ભારત દેશ ડગલે ને પગલે સફળતાની હરણફાળ ભરી રહ્યો છે તેમજ અમેરિકા સહિત વિશ્વના અન્ય દેશો પણ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીજીની પ્રશંસા કરતા નથી થાકતા.

આજના કાર્યક્રમમાં વક્તા તરીકે પૂર્વ બ્રિગેડીયર શ્રી નીતિનભાઈ મહેતા, ગુજરાત પ્રદેશ મહામંત્રી શ્રી ભરતસિંહજી પરમાર, સુરત શહેર અધ્યક્ષ શ્રી નીતિનભાઈ ભજીયાવાલા, ગુજરાત પ્રદેશ મંત્રી શ્રીમતી દર્શિનીબેન કોઠીયા, સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશ, સુરત શહેર મહામંત્રીઓ શ્રી મદનસિંહ અટોદરીયા, શ્રી ડૉ. જગદીશ પટેલ, શ્રી કિશોરભાઈ બિંદલ, સુરત શહેર હોદેદારશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કોર્પોરેટરશ્રીઓ, સુરત મહાનગરપાલિકાના પદાધિકારીશ્રીઓ, વોર્ડ પ્રભારીશ્રીઓ, વોર્ડ પ્રમુખ/મહામંત્રીશ્રીઓ, સુરત શહેર યુવા મોરચાના પ્રમુખ શ્રી મહેન્દ્ર દેસાઈ, સુરત શહેર યુવા મોરચાના મહામંત્રીઓ શ્રી મોનિલ ઠાકર અને શ્રી

પંકજ તિવારી, યુવા મોરચાના હોદ્દેદારશ્રીઓ, નિવૃત્ત સૈનિકો, યુવા મોરચાના કાર્યકર્તાઓ અને મહિલા મોરચાના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.





